ફોજદારી કેસ નં.૯૨૯/૨૦૨૧

દાખલ તારીખ : ૦૩/૦૯/૨૦૨૧
નોંધ્યા તારીખ : ૦૩/૦૯/૨૦૨૧
ફેસલ તારીખ : ૦૯/૧૨/૨૦૨૩
સમયગાળો :વર્ષ–માસ–દિવસ
૦૨–૦૩ – ૦૬

**<u>મે.રાધનપુરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. રાધનપુર.</u>**

ફોજદારી કેસ નં.૯૨૯/૨૦૨૧
આંક : ૨૮

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : (૭) ગણેશભાઈ પબાભાઈ ભરવાડ, ઉ.વ.૫૫,
રહે.મેમદાવાદ ત્રણ રસ્તા, મુ.તા.રાધનપુર, જી.પાટણ

ગુનો : જુગારધારાની કલમ–૧૨ મુજબ.

**:: કબુલાત ઠરાવ ::**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ચાર્જશીટમાં બતાવેલ તારીખ, સમય અને સ્થળે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી–રમાડતા જુગારના સાહિત્ય ગંજીપાના તથા રોકડ રકમના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, આરોપીએ જુગારધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

**(૨)** આરોપી સામે ચાર્જશીટ રજુ થતા અને આરોપી તેમની સામેનો ગુનો કબૂલ કરવા માંગતા હોય અને તે અંગેની ગુનો કબૂલ કરતી લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ સ્વૈચ્છાએ કોઈ પણ જાતના દબાણ વગર ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે, જેથી આરોપીની સદર ગુના અંગેની પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે.

**(૩)** આમ, આ કામના આરોપી તેમની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતા હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીનું નિવેદન નોંધવામાં આવતા તેમાં પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે, કુટુંબનો આધાર તેમના એકલા ઉપર છે, તેઓ મજુરી કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે, તેઓને ગુનો

કબુલ મંજુર હોવાનું જણાવે છે તેમજ મૌખિક રજુઆતમાં તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહું ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

**(૧)** આ કામના આરોપી નં.(૭) ગણેશભાઈ પબાભાઈ ભરવાડ, ઉ.વ.૫૫, રહે.મેમદાવાદ ત્રણ રસ્તા, મુ.તા.રાધનપુર, જી.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે તેઓની સામેના જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે આરોપી નં.૧ તથા ૫ નાઓ વિરૂધ્ધનો કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૯ મી**, માહે **ડિસેમ્બર,** સને **૨૦૨૩** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૯/૧૨/૨૦૨૩
રાધનપુર

(મનિષ ભરતભાઈ નિમાવત)
કોડ નં.જીજે ૦૯૭૧
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર

જી.એચ.ઓઝા, ગુજ.સ્ટેનો.